| PUBLICATION NAME : | Ahmedabad Express |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 17/01/24 |
| PAGE : | 6 |

# ઈડીઆઈઆઈ નેશનલ સ્ટાર્ટ અપ ડે મનાવ્યો



અમદાવાદ | તા. 16

આંત્રપ્રિયોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ મંગળવારે નેશનલ સ્ટાર્ટઅપ ડેની ઊજવણી કરવા માટે એક અનોખા કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરેટ ડિરેક્ટર આઈએએસ શ્રી પી બી પંડ્યા, અતિથિવિશેષ તરીકે રહેલા ગ્રોથ 91ના ફાઉન્ડર શ્રી જિમિષ કાપડિયા, વિશેષ અતિથિ પદે લિમ્ફોન બાયોલોજિક્સના કો-ફાઉન્ડર અને ચીફ સાયન્ટિફિક ઓફિસર શ્રી નિલેશ પટેલ તથા ઈડીઆઈઆઈના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના ડિરેક્ટર ડો. સત્ય રંજન આચાર્યની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટ ઈડીઆઈઆના વાર્ષિક આંત્રપ્રિન્યોરશિપ ફેસ્ટિવલ એમ્પ્રેસારિયોનું કર્ટન રેઝર પણ હતી. એમ્પ્રેસારિયોની 2024ની થીમ છે ટેક ઈનોવેશન ફોર સસ્ટેનેબલ ફ્યુચર. પોતાના પ્રારંભિક વક્તવ્યમાં ડો. સુનીલ શુક્લાએ જણાવ્યું હતું કે ગુજરાત તેની પ્રોત્સાહક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે જાણીતું છે. રાજ્યમાં રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતે સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈકોસિસ્ટમ રેન્કિંગમાં પહેલો નંબર જાળવી રાખ્યો છે. રાજ્યે સાનુકૂળ નીતિઓ, યોજનાઓ અને અનેક ફંડિંગ વિકલ્પો ઊભા કર્યા છે.